પોલીસ કમિશ્નરની કચેરી,
વિશેષ શાખા, પોલીસ ભવન, જેલ રોડ,
વડોદરા શહેર. ૩૯૦૦૦૧
ટેલીફોન નં.૦૨૬૫-૨૪૨૩૯૫૦
કંટ્રોલ રૂમ ફેકસ નં.૦૨૬૫-૨૪૩૨૫૮૨
e-mail ID : cp-spl-vad@gujarat.gov.in

ક્રમાંક:જી/સીપી/વિ.શા/જાહેરનામું/ ૫૫૪૪ /૨૦૨૧ તારીખ : ૨૪ /૧૨/૨૦૨૧

## -: સુધારા જાહેરનામું :-

## ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨) ની કલમ-૧૪૪ તથા જી.પી.એક્ટ કલમ. ૩૭(૪) અન્વયે કાઢેલ હુકમ:

**સંદર્ભ**:- (૧) ગુજરાત સરકાર, ગૃહ વિભાગ ના હુકમ ક્રમાંક:વિ.૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨, તારીખ.૨૪/૧૨/૨૦૨૧.
(૨) અત્રેની કચેરીના ક્રમાંક:જી/સીપી/વિ.શા./જાહેરનામું/૫૪૫૨/૨૦૨૧ તા.૨૦/૧૨/૨૦૨૧.
(3) ગુજરાત સરકાર, ગૃહ વિભાગ ના હુકમ ક્રમાંક:વિ.૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨-A, તારીખ.૩૦/૧૧/૨૦૨૧.

નોવેલ કોરોના વાયરસ (COVID-19)ને WHO દ્વારા વૈશ્વીક મહામારી જાહેર કરવામાં આવેલ છે. આ સબંધમાં કેન્દ્ર સરકાર તથા રાજય સરકાર દ્વારા સમયાંતરે સુચનાઓ તેમજ માર્ગદર્શીકાઓ બહાર પાડવામાં આવેલ છે.

**૧.** રાજયમાં COVID-19 ના સંક્રમણની બાબતને ધ્યાને લેતાં રાજય સરકાર દ્વારા ગૃહ વિભાગના તા.૩૦/૧૧/૨૧ ના હુકમ ક્રમાંક:વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨-A થી રાજયના ૮ શહેરોમાં રાત્રિ કરફયુ તથા કેટલાક નિયંત્રણો અમલમાં મુકવામાં આવેલ છે. ઉકત નિયંત્રણો તથા ૮ શહેરોમાં રાત્રિ કરફયુની અવધિ તા.૧૦/૧૨/૨૦૨૧ તથા તા.૨૦/૧૨/૨૦૨૧ ના સમાન ક્રમાંકના હુકમથી ક્રમશ તા.૩૧/૧૨/૨૦૨૧ સુધી લંબાવવામાં આવેલ છે.

**૨.** રાજયમાં કોરોનાના કેસોની સ્થિતીની પુનઃસમીક્ષા કરી તા.૩૦/૧૧/૨૦૨૧ના ઉપરોકત હુકમોથી સમગ્ર રાજય તેમજ ૮ શહેરોમાં મુકવામાં આવેલ નિયંત્રણો તથા અમદાવાદ શહેર, રાજકોટ શહેર, વડોદરા શહેર, જુનાગઢ શહેર, જામનગર શહેર, ભાવનગર શહેર, ગાંધીનગર શહેરોમાં અમલી રાત્રિ કરફયુ (દરરોજ રાત્રિના ૦૧/૦૦ થી સવારના ૦૫/૦૦ સુધી) ની અવધિ તા.૩૧/૧૨/૨૦૨૧ સુધી લંબાવવામાં આવેલ. અને તા.૩૦/૧૧/૨૦૨૧ ના હુકમોની અન્ય બાબતો તા.૩૧/૧૨/૨૦૨૧ સુધી યથાવત રાખવામાં આવેલ. જે અંગેનું જાહેરનામું ઉપરોકત સંદર્ભીત પત્ર નં.(૨) થી બહાર પાડવામાં આવેલ. જેમાં સંદર્ભીત નં.(૧) ગુજરાત સરકાર, ગૃહ વિભાગ ના હુકમ ક્રમાંક:વિ.૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨, તારીખ.૨૪/૧૨/૨૦૨૧ થી મુકવામાં આવેલ નિયંત્રણો તેમજરાત્રિ કરફયુમાં નીચે મુજબનો ફેરફાર કરવામાં આવે છે.

વડોદરા શહેર વિસ્તાર વસ્તીની દ્રષ્ટિએ ગીચ અને ભીડભાડ વાળુ હોય નોવેલ કોરોના વાયરસ ઝડપી સંક્રમણને ધ્યાને લેતાં લોકોની સુરક્ષા બાબતે તકેદારીના પગલાં રુપે જાહેર જનતાના હિતમાં ગુજરાત સરકારશ્રી ગૃહ વિભાગના ઉપરોકત સંદર્ભીત હુકમ અન્વયે વાસ્તે હું ડો. શમશેર સિંઘ, (આઈ.પી.એસ.) પોલીસ કમિશ્નર, વડોદરા શહેર, ગુજરાત સરકારશ્રી ના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૧૯૮૨ ના નોટીફીકેશન નંબર: જીજી/ ૪૨૨/સી.આર.સી./૧૦૮૨/એમ. તથા ગૃહ વિભાગના તા.૦૭/૦૧/૧૯૮૯ ના સંકલિત જાહેરનામા નંબર:જીજી/ ફકઅ/ ૧૦૮૮/ ૬૭૫૦/મ.અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને-૧૯૭૩ (૧૯૭૪ ના નં-૨) ની કલમ-૧૪૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૭(૪) અન્વયે નીચે મુજબ હુકમ કરુ છું.

વડોદરા શહેરમાં કોરોનાની પ્રવર્તમાન સ્થિતી ધ્યાને લેતાં તા.૩૦/૧૧/૨૦૨૧ના ઉપરોકત હુકમોથી વડોદરા શહેરમાં મુકવામાં આવેલ નિયંત્રણો તેમજ રાત્રિ કરફયુના સમયમાં નીચે મુજબ ફેરફાર કરવામાં આવે છે.

(૧) તા.૨૫/૧૨/૨૦૨૧ થી પોલીસ કમિશ્નર, વડોદરા શહેર કમિશ્નરેટ વિસ્તારમાં દરરોજ રાત્રિના ૧૧/૦૦ થી સવારના ૦૫/૦૦ સુધી રાત્રી કર્ફયુ અમલમાં રહેશે.

(૨) પોલીસ કમિશ્નર, વડોદરા શહેર કમિશ્નરેટ વિસ્તારમાં આવેલ તમામ દુકાનો,રેસ્ટોરન્ટસ, વાણિજયક સંસ્થાઓ, લારી ગલ્લાઓ, શોપીંગ કોમ્પલેક્ષ, માર્કેટીંગ યાર્ડ, અઠવાડીક ગુર્જરી / બજાર/ હાટ, હેર કટીંગ સલુન, બ્યુટી પાર્લર તેમજ અન્ય વ્યાપારીક ગતિવિધી હાલ રાત્રિના ૧૨/૦૦ કલાક સુધી ખુલ્લા રાખી શકાય છે. જેમાં ફેરફાર કરતા તા.૨૫/૧૨/૨૦૨૧ થી ઉકત ગતિવિધીઓ રાત્રિના ૧૧/૦૦ કલાક સુધી ચાલુ રાખી શકાશે. ગુજરાત સરકારશ્રી, ગૃહ વિભાગના તા.૩૦/૧૧/૨૦૨૧ ના હુકમોની અન્ય બાબતો તા.૩૧/૧૨/૨૦૨૧ સુધી યથાવત રહેશે.



Scanned with CamScanner

**-:વિસ્તાર:-**

વડોદરા શહેર પોલીસ કમિશ્નરેટ હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર

**-:શિક્ષા:-**

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ ની કલમ ૧૮૮ તથા "THE EPIDEMIC DISEASES ACT 1897" અન્વયે "THE GUJARAT EPIDEMIC DISEASES COVID-19 REGULATION, 2020 ની જોગવાઇઓ સહિત, The Disaster Management Act, 2005 ની જોગવાઇઓ હેઠળ તેમજ જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

**-:જાહેર વિજ્ઞાપન:-**

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારોમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલ ચોંટાડી, લાઉડ સ્પીકર વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી અને દૂરદર્શન કેન્દ્રો ઉપરથી પ્રસિધ્ધ કરાવવું.

આ હુકમ અન્વયે વડોદરા કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ ની કલમ ૧૮૮ અને લાગુ અન્ય કાનૂની જોગવાઇઓ સહિત, The Disaster Management Act, 2005 ની જોગવાઇઓ મુજબ તેમજ જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૨૪/૧૨/૨૦૨૧ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

પોલીસ કમિશ્નર
સત્યમેવ જયતે
વડોદરા શહેર, વડોદરા

(ડૉ. શમશેર સિંઘ)
પોલીસ કમિશ્નર
વડોદરા શહેર

પ્રતિ,

(૧) વડોદરા શહેર તમામ પો.સ્ટે. ઈન્ચાર્જશ્રીઓ (નકલો ચોંટાડી લાઉડસ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)
(૨) વડોદરા શહેર પોલીસના તમામ સ્કવોડ તથા શાખા ઈન્ચાર્જશ્રીઓ
(3) વડોદરા શહેર કંટ્રોલ રૂમ ઈન્ચાર્જશ્રી પોલીસ જાણ તથા વર્તમાનપત્રો દ્વારા પ્રસિધ્ધિ કરાવવા સારૂ
(૪) વડોદરા શહેર પોલીસના તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ તરફ.

**સવિનય નકલ રવાના :-**

(૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિરીક્ષકશ્રી, વડોદરા રેન્જ, વડોદરા
(3) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, વડોદરા
(૪) રજીસ્ટ્રારશ્રી, એડીશનલ સેશન્સ કોર્ટ, વડોદરા.
(૫) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશીયલ મેજી.કોર્ટ, વડોદરા.
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા શહેર, વડોદરા
(૭) કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, વડોદરા.
(૮) પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્ય, વડોદરા.
(૯) પોલીસ અધિક્ષકશ્રી, રેલ્વે વડોદરા તથા પોલીસ ઈન્સ્પેકટરશ્રી, વડોદરા રેલ્વે પોલીસ સ્ટેશન, વડોદરા.
(૧૦) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, વડોદરા.
(૧૧) મેનેજરશ્રી,સરકારી પ્રેસ,વડોદરા (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરી તેની ૨૫ નકલો અત્રે મોકલી આપવા સારૂ)
(૧૨) મામલતદાર અને એકજીકયુટીવ મેજી.શ્રી, વડોદરા શહેર.
(૧૩) મામલતદાર અને એકજીકયુટીવ મેજી.શ્રી, વડોદરા તાલુકા, વડોદરા.
(૧૪) સંયુકત માહિતી નિયામકશ્રી, કોઠી કચેરી, વડોદરા.

**૨/- સ્થાનિક વર્તમાન પત્રોમા તથા ચેનલોમા વિના મુલ્યે બહોળી પ્રસિધ્ધ કરવા વિનંતી સહ**



Scanned with CamScanner